કેસ દાખલ કર્યા તા. : ૨૨/૦૮/૨૦૨૫
કેસ નોંધ્યા તા. :૨૨/૦૮/૨૦૨૫
ઠરાવ જાહેર કર્યા તા.:૧૦/૦૩/૨૦૨૬
અવધિ : ૦૦ વર્ષ ૦૬ માસ ૧૯ દિવસ

ઓખામંડળના મહે. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં
મુકામ :–ઓખામંડળ

ફોજદારી કેસ નં.૧૩૬૨/૨૦૨૫
**આંક–૧૭**

**શ્રી સરકાર,**
વિ રૂ ધ્ધ. ..... ફરીયાદી.

**કરસનભા અમરસંગભા સુમણીયા**
ધંધો: મજુરી,ઉ.વ.૩૮
રહે.આરંભડા સીમ,હુશેની ચોક જીઓ ટાવર પાસે,
તા.દ્વારકા,જી. દેવભૂમિ દ્વારકા. ..... આરોપી

---

ચાર્જ:– જી.પી. એકટની કલમ – ૧૩૫(૧)મુજબ

---

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.પી.જે.માજીરાણા
બચાવપક્ષ તરફે વિ.વકીલ કુ. આર.એન.ઠાકર

---

**–:: ઠ રા વ ::–**

## (૧) કેસની ટુંકમાં હકીકત:

બનાવની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ કલાક:૧૩/૦૫ વાગ્યે મોજે સુરજકરાડી ગોડાઉન એરીયા રોડ પર સામે જાહેર રોડ પર આ કામના આરોપીએ

દેવભુમી દ્બારકા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દેવભુમી દ્બારકાનાઓના હથીયાર બંધી જાહેરનામા નં.ડીએમ/મેજી/જાહેરનામા/હથીયાબંધી/૧૧૮૩/ /૨૦૨૫ તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૮/૦૭/ ૨૦૨૫ સુધીનું હથીયારબંધી જાહેરનામું બહાર પાડેલ હોય જે આ કામના આરોપીએ જાહેરમાં છરી લઈ જાહેરમાં નીકળી કોઈ શરીર સંબધી ગુન્હો કરવાની પેરવીમાં જણાઈ આવતા મજકુર આરોપી પાસેથી મળી આવેલ છરી જેથી કી. રૂા. ૧૦ ગણી કબ્જે કરેલ, જેથી મજકુર આરોપી હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરતા મળી આવી, જી.પી. એકટની કલમ–૧૩૫(૧)મુજબ ગુનો કરેલ હોય,સદર બનાવ સંબંધે આ કામના ફરિયાદીએ આરોપી વિરૂઘ્ધ મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, આરોપી વિરૂઘ્ધ જી. પી. એકટની કલમ –૧૩૫ (૧) મુજબ નો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરિયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તેમની તપાસનાં અંતે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી:</u>

આ કામનાં આરોપીને સમન્સ ઈશ્યુ થતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને તેઓના બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.ત્યારબાદ આરોપીની આંક–૦૭ પ્લી નોઘવામાં આવતાં, આરોપીએ તેમની સામે

નાં આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ હતો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ વિશેષ નિવેદન નોંધવાની જરૂર જણાય આવતી ના હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં. (૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક:૧૧/૪૫ વાગ્યે મોજે સુરજકરાડી આ કામના આરોપીએ દેવભુમી દ્વારકા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દેવભુમીદ્વારકાનાઓના હથીયાર બંધી જાહેરનામા નં. ડીએમ /મેજી/ જાહેરનામા /હથીયારબંધી /૧૧૮૩/૨૦૨૫ તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૮/૦૭/ ૨૦૨૫ સુધીનું હથીયારબંધી જાહેરનામું બહાર પાડેલ હોય જે આ કામના આરોપીએ જાહેરમાં છરી લઈ જાહેરમાં નીકળી કોઈ શરીર સંબધી ગુન્હો કરવાની પેરવીમાં જણાઈ આવતા મજકુર આરોપી પાસેથી મળી આવેલ છરી જેથી કી. રૂા. ૧૦ ગણી કબ્જે કરેલ, જેથી મજકુર આરોપી હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરતા

મળી આવી, જી.પી. એકટની કલમ– ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. (૨) શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદદા નં. (૧) ''નકારમાં,''

મુદદા નં. (૨) આખરી હુકમ મુજબ.

(૫) **<u>મુદ્દા નં.:૧ ની ચર્ચા :</u>**

**(૫.૧)** આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદને આંક–૦૯ થી તપાસતા તેઓએ આંક–૧૦ થી રજૂ મુદ્દામાલ રિકવરી ના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી, મુદ્દામાલ કબ્જે કરેલાનું પંચનામું નિ:શંક પુરવાર થયેલ માની શકાય તેમ નથી. તેમજ આ કામે આંક–૧૫ થી ફરીયાદી રાજદીપસિંહ હરદીપસિંહ ઝાલાએ આંક–૧૬ ની ફરીયાદ મુજબ જુબાની રજુ થયેલ છે. તેઓની ઉ. ત. માં તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાના આજુબાજુ દુકાનો,હોટેલો તથા રહેણાંક વિસ્તાર આવેલા છે તેમજ આ રોડ ઉપર સતત રાત દિવસ વાહનોની અવર જવર રહે છે તેમજ બનાવવાળા સમયે કોઈ ખાનગી વ્યકિતને હાલના

આરોપીએ ઈજા કરેલ હોય તેવી કોઈ ફરીયાદ તેઓને તેમના પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ન હતી.

**-:: કા ર ણો ::-**

(૬) આ કામે મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું લખાવનાર પંચ સાહેદોએ પંચનામામાં માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, આરોપીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી મુદ્દામાલ કબ્જે થયેલ હોવાની હકીકતનું પંચનામું નિ:શંક પુરવાર થતું નથી. આ તમામ સંજોગો ફરિયાદપક્ષના કહેવાતા બનાવ બાબતે શંકા ઉભી કરે છે. જ્યારે પંચ સાક્ષી પંચનામાને સમર્થન આપતા ના હોય ત્યારે શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કથનોને આધાર આપ્યો નથી. જે કબ્જામાંથી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ તે કબ્જો આરોપીનો હતો તે સાબિત કરતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ નથી. ચાર્જશીટમાં જણાવેલ અન્ય તમામ સાહેદો પોલીસ સાહેદો છે. આમ જ્યારે મહત્વનાં પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા ના હોય ત્યારે માત્ર પોલીસ સાહેદો ની જુબાની પર આધાર રાખી સ્વતંત્ર સાહેદોના માનવા લાયક પુરાવાના અભાવે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી.આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો શંકા થી પર પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું જણાય આવતું નથી. તેથી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.(૨) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>–:: આ ખ રી હુ ક મ ::</u>**

(૧) આ કામનાં આરોપી કરસનભા અમરસંગભા સુમણીયાનાઓ ને બી. એન. એસ. એસ. ની કલમ– ૨૭૮(૧) હેઠળ જી. પી. એકટની ૧૩૫ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય બાદ મુદ્દામાલ છરીનો નાશ કરવાનો હુકમ કરવા માં આવે છે.

(૩) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબરૂા.૫૦૦૦/– ના જાત મુચરકો રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે–માર્ચ સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:ઓખામંડળ.
તા.૧૦ /૦૩/૨૦૨૬

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓખામંડળ.
(જજ કોડ નં.જીજે–૦૧૪૫૦)

**સ્ટેનોગ્રાફર:–રેખા.એ.ગોઢાણીયા.**